વિશ્વ વન દિવસ ૨૧ માર્ચ



# ગાંધીનગર જિલ્લાના વકીલો માટે લીગલ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે હાઈકોર્ટના સિનિયર ન્યાયમૂર્તિ એમ.આર.શાહના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લાના વકીલ મિત્રો માટે લીગલ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં જામીન, મનાઈહુકમ, સમાધાન, વટાઉખત અધિનિયમ, તેમજ વકીલાત કાયદાના વિષય પર તજજ્ઞોએ સવિસ્તાર માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં ગાંધીનગર જિલ્લામાંથી વકીલમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત લીગલ સેમીનારમાં પ્રેરણા વિધાલયની બાળાઓએ ઈતની શકિત હમે દેના દાતા પ્રાર્થના રજુ કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ સેમીનારમાં ઉપસ્થિત મંચસ્થ







મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમમાં હાજર મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત બુકે તેમજ સ્મૃતિચિહ્ન આપી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાર કાઉન્સીલના સભ્ય કરણસિંહ વાઘેલાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ સેમીનારમાં ખાસ ઉપસ્થિત રાજયના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે વર્ષો અગાઉ કાયદા વિભાગનું બજેટ ૧૪૯ કરોડ હતું. જયારે આજે દરેક વ્યકિતને ઝડપી અને સરળ ન્યાય ઘર આંગણે મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજય સરકારે ન્યાયતંત્રની ગતિશીલતા માટે વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ.૧૭૨૩ કરોડનું બજેટ ફાળવ્યું છે. ન્યાયાલયની ન્યાયની આસ્થા પ્રજામાં જળવાઈ રહે તેવું કામ આપણે સૌએ કરવાનું છે. જયારે સ્કીલ ડેવલપમેન્ટ અને ઈન્ડરસ્ટીયલ ડેવલપમેન્ટ અતિ જરુરી બન્યું છે તેમજ વકીલોની ગરીમા મિડિયેશન કન્સીલેસન વગેરે બાબતો પર ભાર મુક્યો હતો. આ સેમીનારમાં હાઈકોર્ટના જજ હર્ષાબેન દેવાણી, પી.પી. ભટ્ટ, સુપ્રિમ કોર્ટના નિવૃત જજ એમ.બી.શાહ, ગુજરાત રાજયના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી, બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન ગોપીનાથ અમીન તેમજ બાર કાઉન્સીલના હોદેદારો, જિલ્લાના વકીલમિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમના બીજા સેસનમાં અસીમ પંડયા એ જામીન, મેહુલ શાહે મનાઈ હુકમ, પરેશ જાનીએ સમાધાન, ભરત નાઈકે વટાઉ ખત અધિનિયમ , વિભુતિભાઈ પટેલે એમએસીટી, અને ઉદયન વ્યાસે વકીલાતના કાયદા સહિતના વિવિધ વિષય પર કાયદાકીય માર્ગદર્શન પુરુ પાડ્યુ હતું. સેમીનારના અંતમાં ગાંધીનગર ડિસ્ટ્રીકટના જજ એ.બી.રાવે આભારદર્શન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અભિજીત જોષીએ કર્યુ હતું.

## @ગાંધીનગર

● વિશ્વ વન દિવસ નિમિત્તે રાજયના ઓગણીસહજારથી વધુ સેટ કોમ કેન્દ્ર પરથી સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન વિશ્વ ભરના લોકોમાં વન પ્રત્યે જાગૃતિ અને સંરક્ષણની ભાવના વિકસાવવા તેમજ વનની અગત્યતા સમજાવવાના હેતુથી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પ્રજા જોગ ઉદબોધન કરશે.

● પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સે-૧૫ વિશ્વ વિદ્યાલય ખાતે સંસ્થાના સ્પીકર બી.કે. અનુજભાઈ દ્વારા વેલ્યુ બેઝડ જર્નાલીઝમ વિષય ઉપર વ્યાખ્યાન યોજાશે.

## વાતવાતમાં

● વિશ્વ કપ સ્પર્ધામાં ફરી એકવાર ભારતે પાકિસ્તાનને પરાજય આપતા નગરના ક્રિકેટ રસિયાઓએ ફટાકડા ફોડી વિજયને વધાવ્યો હતો. મોડી રાત સુધી ફટાકડા ફૂટતા નગરમાં હોળી પૂર્વે દિવાળીનો માહોલ જણાયો હતો.

● ટી-૨૦ વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાનના મુકાબલા માટે નગરના ક્રિકેટ રસિયાઓ છેલ્લા કેટલાય દિવસથી ઘેલા થયા હતા. કેટલીક સોસાયટીઓમાં તો મોટી સ્ક્રીન ગોઠવી લાઈવ મેચ પ્રદર્શિત કરાઈ હતી અને મેચ બાદ સોશિયમ મિડીયા પર રમૂજી ટુચકાઓની હારમાળા રવિવાર સાંજ સુધી ચાલી હતી.

● પાટનગરમાં અનેક સરકારી સમારંભોના આયોજનો કરાતા હોય છે જેના કારણે હોર્ડિંગ્સની હારમાળા સતત જોવા મળે છે. જો કે કાર્યક્રમ પત્યા બાદ પણ લાંબા સમય સુધી સરકારી ફાઈલોની જેમ હોર્ડિંગ્સનો સમયસર નિકાલ કરાતો નથી તેથી હારમાળા વધતી જ જાય છે.

● સિવિલના નવા બિલ્ડીંગ સામે એક ખુલ્લી ગટરને સિમેન્ટની બે પાટોથી ઢાંકી રખાઈ છે. આ ગટરની નજીકથી પસાર થનાર માટે જોખમરૂપ ગટરને તાત્કાલિક ઢાંકણ બનાવાય તે જરૂરી છે.

● ઉનાળો આવતા જ શહેરના માર્ગો પર ઠંડા પાણીના જગ મુકી 'જલ સેવા'નો પ્રારંભ થઈ ગયો છે. આધુનિક જમાનામાં પરંપરાગત પરબનું સ્થાન હવે મિનરલ વોટરના જગે લઈ લીધું છે.

● રવિવારે સાંજે શહેરના શાક માર્કેટમાંથી એસબીઆઈના બ્રાન્ચ મેનેજરનો મોંઘો મોબાઈલ ચોરાઈ જવા પામ્યો હતો. શાક લેવા જતા અધિકારીઓએ ભાવતાલ કરાવવાના બદલે કિંમતી ચીજવસ્તુઓની સંભાળ રાખવી વધુ હિતાવહ જણાય છે.

# સરગાસણ શાળાના શિક્ષકોએ અનોખો ચિલો ચાતર્યો

## સરકારી શાળામાં લોકભાગીદારી સાથે પ્રથમ વાર્ષિકોત્સવ ઉજવાયો : કાર્યક્રમ નિહાળવા ગામ આખું હિલોળે ચઢયું

ગાંધીનગર, તા.૨૦

શનિવારની સાંજે ગાંધીનગરના પાદરે આવેલ સરગાસણ ગામમાં એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. અત્યાર સુધી શહેરમાં અનેક ખાનગી શાળાઓના ઝાકમઝોળ ભર્યા વૈભવશાળી વાર્ષિકોત્સવ તો અનેક યોજાયા છે પરંતુ એક ગામની નાનકડી પ્રાથમિક શાળાના યુવા મહિલા આચાર્યાને ઈચ્છા થઈ કે મારી શાળા પણ કેમ વાર્ષિકોત્સવ ના ઉજવે? અને પછી સર્જાયો એક રંગારંગ કાર્યક્રમ જેને નિહાળી માત્ર ગ્રામવાસીઓ જ નહી પરંતુ તે વિસ્તારના કલસ્ટરની તમામ શાળાના શિક્ષકો, શિક્ષણાધિકારીઓ દંગ રહી ગયા. પહેલીવાર સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો તે પણ મંત્રમુગ્ધ થઈ જવાય તેવો.

સરગાસણ પ્રાથમિક શાળામાં આચાર્યા સ્તુતિબેન જોષી તથા તમામ શિક્ષક કર્મચારીગણની જહેમત અને સેવાભાવી સહયોગીઓની મદદથી તા. ૧૫મી માર્ચે સાંજે ૭.૩૦ કલાકે સુંદર વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિકોત્સવને ચાર ચાંદ લગાડી દીધા હતા. શાળા સંકુલમાં હકડેઠઠ ગ્રામજનોની મેદની પોતાના બાળકોમાં રહેલી કલા ક્ષમતા જોઈ ઓવારી ગયા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)





ગણેશસ્તુતિથી પ્રારંભ થયેલ આ કાર્યક્રમમાં પહેલા બીજા ધોરણના ભૂલકાં હોય કે છઠ્ઠા સાતમા ધોરણના બાળકો તમામે પ્રસંશનીય પરફોર્મન્સ આપી ધો-૭ના બાળકોએ 'બેટી વધાવો' નાટક દ્વારા સામાજિક સંદેશ આપ્યો હતો. દરેક ધોરણના વિદ્યાર્થીઓએ અલગ અલગ ગીતો પર નૃત્ય કરી રંગ જમાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં દરેક ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો દ્વારા સન્માનવામાં આવ્યા હતા તથા શાળાના બેસ્ટ બોયનો ખિતાબ ધો-૭ના ભરત બબાજી ઠાકોર તથા બેસ્ટ ગર્લનો ખિતાબ ધો-૭ની સંજના મનુજી ડાભીને આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની વિશેષતા એ હતી કે સંપૂર્ણ કાર્યક્રમ લોક ભાગીદારીથી કરવામાં આવ્યો હતો. બાળકોના કોસ્ચ્યુમ્સ ગણેશ ડ્રેસવાળા ભાવીનભાઈ અને વિશાલ ડ્રેસવાળા ગિરીશ સોની તરફથી વિના મૂલ્યે અપાયા હતા. સાઉન્ડ સીસ્ટમની સેવા લાલાભાઈએ, મંડપની સેવા અશોકભાઈ ઠાકોરે આપી હતી. બાળકોને નૃત્ય શીખવાડવાની સેવા સે-૨ના કોરિયોગ્રાફર જયદીપભાઈએ આપી હતી તો વિડીયોગ્રાફીની સેવા રાકેશભાઈ દવેએ આપી હતી. આ ઉપરાંત ટીસીએસના રજત મિશ્રા તથા નિતિનભાઈએ પ્રમાણપત્રો વગેરેની સેવા આપી હતી. અન્ય કાર્યોમાં શાળા મેનેજમેન્ટ કમિટીના અધ્યક્ષ ભરતભાઈ જોષી અને પંચાયતના સભ્ય વિનોદ પરમાર મદદરૂપ બન્યા હતા. આ ઉપરાંત શાળાના શિક્ષક ગણે પણ આર્થિક સહયોગ પુરો પાડયો હતો.

કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર, બીઆરસી કો-ઓર્ડિનેટર વિષ્ણુભાઈ નાયી, પોરના સીઆરસી કો-ઓર્ડિનેટર ગૌતમ ચૌહાણ, અડાલજના સીઆરસી કો-ઓર્ડિનેટર અમિતભાઈ પટેલ, ગામના સરપંચ જશુજી ઠાકોર, ઉપસરપંચ કેહુજી વાઘેલા, તલાટી રામદાન ગઢવી, આરોગ્ય કાર્યકર સંગીતાબેન તથા પોર કલસ્ટરની તમામ શાળાના આચાર્યો અને કાર્યક્રમના દાતાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, બાળકો, યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હોળી પૂર્વે બાળકોના ચહેરા પર સ્મિત રેલાવતા યુવાનો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં રહેતા નવ યુવાનો દ્વારા અવાર નવાર સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે હોળી પર્વ નિમિત્તે યુવાનોએ ગોકુળપુરામાં રહેતા શ્રમજીવી બાળકોને નાસ્તાના પેકેટોનું વિતરણ કર્યું હતું. આ નાસ્તાના પેકેટોનો લાભ મોટા ભાગના શ્રમજીવી બાળકોએ લીધો હતો. તહેવારોના દિવસો દરમિયાન આ યુવાનો પોતાના પોકેટમનીમાંથી થોડા રૂપિયા બચાવીને સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે.

આ ઉપરાંત હંમેશા કંઈક નવું જ કરવામાં માનતા આ યુવાનો દર રવિવારે સેકટર-૧૬માં બાળકોને ઈતર પ્રવૃત્તિની સાથે સાથે સારા સંસ્કાર, જીવનમાં વાંચનનું મહત્વ, ભણવાથી થતા ફાયદા, ગુરુનું જીવનમાં મહત્વ સહિતની તમામ બાબતોનું જ્ઞાન આપી સારાં સસ્કારોનું સિંચન થાય તેવી પણ નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ વર્ષે હોળી પર્વે નગરના પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા, મહેન્દ્ર સોનારા, પૃથક ઠકકર સહિતના યુવાનોએ નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# શહેરમાં 'હોલી વીક'ની ઉજવણીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

આજથી એટલે કે 'પામ સન્ડે'થી પ્રભુ ઈશુના પવિત્ર સપ્તાહ 'હૉલી વીક'નો પ્રારંભ થયો છે. આ સપ્તાહ દરમિયાન ગાંધીનગરના પ્રોટેસ્ટન પંથ દ્વારા સે-૨૩માં મેથોડિસ્ટ ચર્ચ ખાતે વિવિધ ધાર્મિક પ્રસંગો તથા વકતવ્યોનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે સુરતથી પ્રકાશ પટેલ પધાર્યા છે જેઓ સપ્તાહ દરમિયાન 'પ્રભુ ઈશુ ખ્રિસ્તના પુનરોત્થાન અને પુનરાગમનમાં દુઃખ સહનનું મહત્વ' વિષયે વ્યાખ્યાન આપશે. આ વકતવ્યો દરરોજ સાંજે ૮.૩૦ કલાકે યોજાશે.

ગાંધીનગરના પ્રોટેસ્ટન પંથના તમામ ચર્ચો દ્વારા સે-૨૩માં સંયુકતપણે આ સપ્તાહ ઉજવાય છે. જેમાં સંયુકત કવાયરની રચના કરી પ્રભુની સ્તુતિ-આરાધના ગાઈ તેમનો સંદેશ ફેલાવાય છે. ઈશુ ખ્રિસ્તે યેરુસલામમાં વિજયવંત પ્રવેશ કર્યો તેને 'ખજૂરીનો રવિવાર' એટલે કે પામ સન્ડે તરીકે ઉજવાય છે. પામ સન્ડેથી ઈસ્ટરના રવિવાર સુધી 'હૉલી વીક'ની ઉજવણી ચાલે છે. આ સપ્તાહ દરમિયાન શ્રધ્ધાળુ ખ્રિસ્તિઓ ઉપવાસ કરે છે અને પ્રભુના







ગાંધીનગરના અરવિંદ કેન્દ્રના આદ્યસ્થાપક સ્વ. નિર્મલાબેન ભટ્ટને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં પિનાકીન વ્યાસ તથા સાથીઓ દ્વારા ભકિત સંગીત પ્રસ્તુત કરાયું હતું. આ પ્રસંગે અરવિંદ કેન્દ્રના ચેરમેન ડૉ. સી.કે. તન્ના, સનદી અધિકારી જયંતિ રવિ, જાણીતા વિચારક જયોતિબેન થાનકી, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મહિલા અગ્રણીઓ મીનળબેન ઓઝા તથા ચેતનાબેન બુચ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સંદેશ બાઈબલનું વાંચન શ્રવણ કરે છે. ઘણા શ્રધ્ધાળુઓના ઉપવાસ ૧૦મી ફેબ્રુઆરી-એશ વેનસ્ડેથી પ્રારંભ થયા હોય છે જે ઈસ્ટરના દિવસે પૂર્ણ થાય છે. ઉપવાસની સાથે શ્રધ્ધાળુઓ પ્રાર્થના સાથે પ્રભુ પાસે પોતાના પાપોની માફી માંગે છે.

આ પ્રસંગે સે-૨૩માં દર વર્ષે મેથોડિસ્ટ ચર્ચ દ્વારા રાત્રિ સભાઓ યોજવામાં આવે છે. આ વર્ષે યોજાનાર રાત્રિ સભાઓમાં રવિવારે 'દુઃખ સહન સપ્તાહ દરમિયાન કરેલી ભવિષ્યવાણી ભાગ-૧' વિષયે વકતવ્ય યોજાયું હતું. સોમવારે આજ વિષયે ભાગ-૨, મંગળવારે ક્રિશ્ચિયાનિટી : પવિત્ર ઈશ્વર અને પાપી માણસનો સંબધ, બુધવારે પ્રમુખ યાજકની પ્રાર્થના, ગુરુવારે પ્રભુ ઈશુના લોહીમાં નવો કટાર, શુક્રવારે પ્રભુ ઈશુનું પવિત્ર મરણ, શનિવારે સ્વર્ગ અને નર્કની ઝાંખી તથા ઈસ્ટર સન્ડેએ પ્રભુ ઈશુના પાપ, મરણ અને શેતાન પર વિષય તથા પ્રભુ ઈશુનું પુનરાગમન વિષયે વકતવ્યો યોજાશે. આ સપ્તાહ દરમિયાન ગુડ ફ્રાઈડે જે દિવસે ઈશુનું શારિરીક મરણ થયું હતું તેનો પણ સમાવેશ થાય છે. શહેરના પ્રોટેસ્ટન પથના ખ્રિસ્તિ શ્રધ્ધાળુઓ આ 'હૉલી વીક'માં મોટી સંખ્યામાં ભાગ લેશે.

## શ્રી ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે હોળી દહન કરાશે

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે આગામી તા. ૨૩મી માર્ચને બુધવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે 'હોળી દહન'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પૂજામાં નગરના તમામ ભાવિક ભકતોને હાજર રહેવા સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ જણાવ્યું છે.

## જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા પદયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા આગામી ૨૫મી થી ૨૭મી માર્ચ દરમિયાન ગાંધીનગરથી ગણપતપુરા સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે સંદર્ભે તા. ૨૪મી માર્ચના રોજ હસુમતિ જે. સુથારના નિવાસસ્થાન 'નર્મદ' પ્લોટ નં. ૮૦૮/૧, સેકટર-૨-સી ખાતે સવારે ૮ થી સાંજના ૪ કલાક દરમિયાન ગણેશયાગ યોજાશે. ત્યાર બાદ શુક્રવારના રોજ સવારે ૬ કલાકે પદયાત્રાનું પ્રસ્થાન કરાશે. જે દરમિયાન તા. ૨૫મી માર્ચના રોજ આવકાર રેસ્ટોરન્ટ ઓગણજ ખાતે બપોરનું રોકાણ કરવામાં આવશે. જયારે રાત્રિ રોકાણ વિઠ્ઠલવાડી ભુદરદાસ હોલ, આંબલી ખાતે કરાશે. જયારે તા. ૨૬મી માર્ચના રોજ રાજવી ગારનેટ, બાવળા રોડ રાત્રિ રોકાણ સાકોદરા પ્રાથમિક શાળા સાકોદરા ખાતે કરવામાં આવશે. તા. ૨૭મીને રવિવારે યાત્રા ગણપતપુરા પ્રવેશ કરશે.

# હોળીમાં કપૂર-ઈલાયચી-ગુગળ હોમવા અપીલ


## સ્વાઈન ફ્લુ નામના જીવલેણ રોગને નાથવા આ વર્ષે પણ સંદેશાઓની આપ-લે

ગાંધીનગર, તા.૨૦

ગત વર્ષની જેમ આ વર્ષે પણ પ્રગટતી હોળીમાં કપૂર, ઈલાયચી અને ગુગળ હોમવા સોશીયલ મીડીયામાં સર્વેને અનુરોધ થઈ રહ્યો છે. સ્વાઈન ફ્લુ નામના જીવલેણ રોગે સમગ્ર દેશમાં હાહાકાર મચાવ્યો છે. જેમાં ગત વર્ષે સૌથી વધુ મોત આ રોગથી થયા હતા. જેમાં વિવિધ ઘરગથ્થુ ઉપચારો પણ અજમાવાયા હતા. દરમિયાન હોળીના તહેવાર નિમિત્તે સમગ્ર દેશમાં હોલિકા દહન થાય ત્યારે કપૂર, ઈલાયચી અને ગુગળને હોમી વાતાવરણમાં ભળેલા જીવાણુઓનો હોળીમાંથી ઉભા થતા ધુમાડા થકી તેનું નિવારણ લાવવા સંદેશાઓની જબરદસ્ત હાલમાં આપ લે થઈ રહી છે.

હોલીકા દહન સમયે ઘરના તમામ સભ્યોએ એક કપૂર ગોટી, ત્રણ ચાર ઈલાયચી અને ગુગળ સાથે લઈ જઈ હોમવા સોશીયલ મીડીયામાં દરેકને અનુરોધ કરવામાં આવી રહ્યો છે. આયુર્વેદીક દષ્ટિએ કુદરતી રીતે મળતી આ ઔષધિથી તમામ રોગોનું નિવારણ થતું હોવાનું જણાવીને આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવા જણાવાઈ રહ્યું છે. સમગ્ર દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં ગત વર્ષે સ્વાઈન ફ્લુના રોગો હાહાકાર મચાવી સૌને હચમચાવી મુકયા હતા ત્યારે તે





સમયે વિવિધ નુસ્ખાઓ અપનાવી આ રોગ સામે રક્ષણ મેળવવા પ્રયાસ થયા હતા. જેનું પુનરાવર્તન આ વર્ષે પણ થઈ રહ્યું છે.

હોલીકા દહનમાંથી ઉત્પન્ન થતા ધુમાડાથી વાતાવરણ શુધ્ધ બનતું હોય છે. જેમાં વળી અકસીર મનાતા કપૂર, ઈલાયચી અને ગુગળના મિશ્રણ સાથેની ધ્રુમસેરો સમગ્ર વાતાવરણમાં ભળી જઈ રોગો ઉત્પન્ન કરતા જીવાણુઓને ઉગતા જ ડામી દેતા હોવાનું સંદેશાઓમાં જણાવી આ પધ્ધતિ ચોકકસ અપનાવવા અપીલ થઈ રહી છે. સામુહિક રીતે થતી આ પ્રવૃત્તિથી તેનો ફેલાવો વિશાળ માત્રામાં થવાનો હોવાથી વધુ અસરકારક બનવાની શકયતાઓ પ્રબળ હોવાનો દાવો પણ થઈ રહ્યો છે. સ્વાઈન ફ્લુ નામનો રોગ હજુ પણ ઓછા વત્તા પ્રમાણે સક્રિય જ રહ્યો છે અને મોત પણ આ રોગથી થઈ રહ્યા છે ત્યારે આ રોગને કાબુમાં લેવામાં કોઈ જ ચોકકસ દવાની શોધ શકય બની નથી. જેમાં ગત વર્ષની જેમ ઉકાળા તથા અન્ય ઔષધીય જડીબુટ્ટીનો સહારો લેવા લોકો મજબૂર બન્યા છે ત્યારે આયુર્વેદીક ઔષધિમાં શ્રેષ્ઠ ગણાતા કપૂરમાં જીવાણુ મારવાની ક્ષમતા ખુબ જ વધુ હોવાનો દાવો કરાયો છે સાથે હોમ હવનમાં ઉપયોગમાં લેવાતા ગુગલને પણ એટલું જ પ્રાધાન્ય અપાયું છે. રાજયની વિવિધ આયુર્વેદિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તથા સામાજીક સંસ્થાઓએ પણ વાતાવરણમાં શુધ્ધતા લાવવા કપૂર, ઈલાયચી અને ગુગળનો સામુહિક રીતે હોમ કરવા અપીલ કરી છે.

# બે પી.એસ.આઈ.ને પી.આઈ.ના પ્રમોશન

## ગાંધીનગરના એ.ડી. ગોહીલ બઢતી સાથે અમદાવાદ શહેરમાં મુકાયા

ગાંધીનગર, તા.૨૦

રાજય પોલીસ વડાએ બે પીએસઆઈને પીઆઈના પ્રમોશનના ઓર્ડર કર્યા છે. ગાંધીનગર જિલ્લાના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ એ.ડી. ગોહીલને બઢતી આપીને અમદાવાદ શહેરનાં મુકવામાં આવ્યા છે. જયારે અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા પીએસઆઈ એલ.ડી. વાઘેલાને બઢતી સાથે ગાંધીનગર જિલ્લામાં નિમણુંકનો ઓર્ડર કર્યો છે. હજુ પણ કેટલાક પીએસઆઈના પ્રમોશનનું લીસ્ટ નજીકના દિવસોમાં આવ તેવી શકયતાને પગલે પીઅસઆઈ કાગડોળે નવા ઓર્ડરની રાહ જોઈ રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. સુમિત્રાબેન અંદરજી મકવાણા, ઉ.વ. ૧૪
- સ્વ. માયાબેન રમેશચંદ્ર વોરા, ઉ.વ. ૮૨